

25 YEARS
SILVER JUBILEE

# કયામત કયારે ?

પ્રકાશક :
હુસૈની કમિટી (સુન્ની)
૮, લાતી પ્લોટ સામે, મોરબી - ૩૬૩૬૪૧
ફોન : ૩૩૨૧૪

# કયામત કયારે ?

સંપાદન :
પીરજાદા સૈયદ દાદામીંયા શમ્સુદ્દીન કાદરી
મુ. રૂપાલ (વાયા : બાવલા) જી. અમદાવાદ

મુદ્રક :
મીલન ઓફસેટ
૨, લાતી પ્લોટ, મોરબી

પ્રત : ૪૦૦૦ પ્રકાશન નં ૨૦૫

પ્રકાશન : ઓકટોમ્બર ૨૦૦૦ આવૃતિ : પાંચમી

પ્રકાશક :
હુસૈની કમિટી (સુન્ની)
૮, લાતી પ્લોટ સામે, મોરબી - ૩૬૩૬૪૧
ફોન : (૦૨૮૨૨) ૩૩૨૧૪

પાંચ રૂપિયાની પોસ્ટ ટિકીટ મોકલી
આ કિતાબ મફત મંગાવી

નોંધ : કિતાબ સ્ટોકમાં હશે ત્યાસુધી
મોકલી આપવામાં આવશે.

# ક
# યા
# મ
# ત
# કયારે ?


સંપાદન :
પીરજાદા સૈયદ દાદામીંયા શમ્સુદ્દીન કાદરી
મુ. રૂપાલ (વાયા : બાવલા) જી. અમદાવાદ



પ્રકાશક :

## હુસૈની કમિટી (સુન્ની)

૮, લાતી પ્લોટ શેરી, મોરબી - ૩૬૩૬૪૧
ફોન : (૦૨૮૨૨) ૩૩૨૧૭

૭૮૬
---
૯૨

# બેબોલ

નહમદોહુ વનુસલ્લી અલા રસુલે હિલ કરીમ

## કયામત કયારે ?

આ પ્રશ્નનો જવાબ તો અલ્લાહ અને તેના પ્યારા રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સિવાય કોઇ જાણતું નથી. પરંતુ અલ્લાહ તઆલાએ તેના કલામે પાકમાં અને ખુદાના પ્યારા હબીબ અને આપણા આકા અને મૌલા હુઝુર પુરનુર સરકારે દો આલમ હઝરત અહમદે મુજતબા મોહંમદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ કયામત કયારે આવશે તે પહેલાની કેટલીક નિશાનીઓ હદીષ શરીફમાં જરૂર બતાવી છે.

આ નાનકડા રિસાલામાં કુર્આને મજીદ અને હદીષ શરીફ તેમજ મઝહબની કેટલીક માન્યવર કિતાબોના હવાલાથી કયામત કયારે આવશે ? અને એ પહેલા જગત પર શું થશે ? તે અંગે ખુદાઇ અને નબવી આગાહી (નિશાનીઓ)નો નાનકડો સંગ્રહ આપની સેવામાં રજુ કરૂ છું.

રૂપાલ
વાયા :,બાવલા
૩૮૨ ૨૨૦

ખાદીમે કૌમ,
સૈયદ દાદામીયાં એસ. કાદરી
તા. ૧૫-૫-૧૯૮૧



અલ્લાહ તબારક વ તઆલા કુર્આને પાકમાં ઇર્શાદ ફરમાવે છે, કે
" વ ઇન્નહુલ ઇલ્મુલ- લિસ્સા અતે ફલા તમ તરૂન્ન - બેહા-વત્તબેઉન. હાઝા સિરાતુમ મુસ્તકીમ. (પારા-૨૫, રૂકુ ૧૧) (અર્થ : અને નિઃશંક ઇસા કયામતની નિશાની છે. તુ હરગીઝ કયામતમાં શંકા કરીશ નહીં. અને મારા હુકમોનું પાલન કર આજ સીધો માર્ગ છે.) (તરજુમા કન્ઝુલ ઇમાન)

અર્થાત : હઝરત ઇશા ઇબ્ને મરીયમ (અલયહીસ્સલામ)નું આ જગત પર પુનઃઆગમન કયામતની નિશાનીઓ પૈકીની એક નિશાની છે. અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને મજીદ વ ફુરકાને હમીદમાં કયામત અગાઉ હઝરત ઇશા રૂહુલ્લાહનું ફરીવાર આ ફાની દુનિયામાં આવવું કયામતની નિશાની બતાવે છે. હવે કયામત કયારે આવશે તે પહેલાની નિશાનીઓ હદીષ શરીફની રોશનીમાં જોઇએ.

(૧) હઝરત અનસ ( રદીયલ્લાહો અન્હો ) ફરમાવે છે કે રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ કયામતની નિશાનીઓ આ પ્રમાણે બતાવી છે (૧) ઇલ્મ ઉઠાવી લેવામાં આવશે (૨) જે હાલતનું પ્રમાણ વધી જવું (૩) ઝિનાનું પ્રમાણ વધી જાય (૪) પુરૂષોની સંખ્યા ઘટવા લાગે અને સ્ત્રીઓની સંખ્યા વધે અને તેપણ ત્યા સુધી કે દર પાંચ સ્ત્રીઓએ એકજ પુરૂષ હોય. (બુખારી-મુસ્લિમ)

(૨) હઝરત જાબીર બીન સમરહ ( રદીયલ્લાહો અન્હો ) ફરમાવે

છે કે રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)ફરમાવ્યું કે કયામત કાયમ થતા પહેલા જુઠાઓનું પ્રમાણ ખુબ વધી જશે. એટલે કે જુઠી હદીષો કહેનારા ઘણા પૈદા થશે. (મુસ્લિમ)

(૩) હઝરત અબુ હુરૈરાહ ( રદીયલ્લાહો અન્હો ) ફરમાવે છે કે એક ગામડીયાએ હુઝુર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) થી પુછ્યુ કે કયામત કયારે થશે ? તો આપે ફરમાવ્યું કે જયારે અનામત વેડફાઇ જાય. એટલે જયારે દયાનત અમાનત અને શરીઅતના અહકામોનો ખાતમો બોલાય ત્યારે તુ કયામતની પ્રતિક્ષા કર. ગામડીયાએ પ્રશ્ન કર્યો કે અનામત કેવી રીતે વેડફાઇ જશે ? ત્યારે આપે જવા આપ્યો કે જયારે સત્તા (હુકુમત) નાલાયક માણસોના હાથમાં આપવામાં આવે ત્યારે કયામતનો ઇન્તેઝાર કરો.

(૪) હઝરત અબુ હુરૈરહ (( રદીયલ્લાહો અન્હો.) થી રવાયત છે કે, રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ફરમાવ્યું કે, કયામત ત્યાં સુધી નહીં આવે, જયા સુધી માલ અને દોલત એટલી વધે જેમ પાણી વહેતુ હોય તેમ દૌલત વહેવા લાગે. લોકો પોતાના માલની ઝકાત કાઢે અને તેને કોઇ લેનાર (કબુલ કરનાર) ન હોય અને કયામત ત્યા સુધી નહીં આવે જયા સુધી અરબની ભૂમિ હરીયાળી ન બની જાય અને નહેરોવાળી ન બની જાય. (મુસ્લિમ)

આ ચારે હદીષોમાં હુઝુરે બતાવેલી નિંશાનીઓ આજે આપણે સગી આંખે જોઇ રહ્યા છીએ. સાચે જ કયામતનજીક છે તે આ હદીષોથી પુરવાર થાય છે.

(૫) હઝરત જાબીર ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત ફરમાવે છે કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)એ ફરમાયું કે આખરી

જમાનામાં એક ખલીફા થશે. એટલે હઝરત ઈમામ મેહુદી ( રદીયલ્લાહો અન્હો ) જે દૌલતને ભેગી નહીં કરે, પણ લોકોમાં વહેંચી આપશે.

(મુસ્લિમ)

(૬) હઝરત અબુ હુરૈરાહ ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત જે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)એ ફરમાયું છે કે જમીન પોતાનાજીગરના ટુકડા બહાર કાઢીને ફેંકી દેશે. જે સોના-ચાંદીના થાંભલા જેવા હશે.

(મુસ્લિમ)

(૭) હઝરત અનસ ( રદીયલ્લાહો અન્હો ) ફરમાવે છે કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)એ ફરમાયું છે કે, કયામત નહીં થાય જયા સુધી ઝમાનો નજીક ન થઇ જાય એટલે કે ઝમાનાનો સમય જલ્દી - જલ્દી પસાર થશે. મતલબ કે વર્ષ મહીના જેટલો થઇ જશે., મહીનો અઠવાડીયા જેટલો થઇ જશે, અઠવાડીયુ દિવસ જેટલુ થઇ જશે, દિવસ ક્ષણ જેવો નાનો બની જશે.

(૮) હઝરત અબુ હુરૈરાહ ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત જે, કે જયારે માલે ગનીમતને પોતાની મિલ્કત સમજી લેવામાં આવે, અમાનતમાં ખયાનત થવા લાગે (ભ્રષ્ટાચાર થાય) અને ઝકાતને પોતાની આવક સમજી લેવામાં આવે, ઇલ્મને દીન માટે નહીં પણ દુનિયામાં કમાણી માટે હાસિલ કરવામાં આવે, પુરૂષો , ઔરતોના ફરમાબરદાર થઇ જાય અને પુત્ર માની વાત નહીં માને અને તેને દુ:ખ પહોંચાડે, જયારે માણસ પોતાના મિત્રની વાત માને પણ બાપની નાફરમાની કરે, જયારે મસ્જિદમાં દુનિયાની વાતો ઉંચા અવાજે થવ ા લાગે, જયારે પ્રજાની નેતાગીરી ફાસીક અને નાલાયક માણસ કરવા લાગે અને જયારે ગાવાવાળી ઔરતો જાહેરમાં

આવે અને સંગીતનું જોર વધી જાય અને દારૂ ખુલ્લેઆમ પીવાય, પહેલાના બુઝુર્ગોને બુરા કહેવામાં આવે ત્યારે તમે કયામતનો ઇન્તેઝાર (પ્રતિક્ષા) કરો. (તીરમીઝી શરીફ)

(૯) ૮ નંબરની હદીષ જે આગળ જોઇ ગયા તે હદીષ હઝરત અલી ( રદીયલ્લાહો અન્હો ) એ પણ રીવાયત આપી છે.

( તીરમીઝી શરીફ)

(૧૦) હઝરત અબ્દુલ્લાહ બીન મસ્ઉદ (રદીયલ્લાહો અન્હો) થી રીવાયત જે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)એ ફરમાવ્યું છે કે, દુનિયા ત્યાં સુધી નાશ નહીં પામે જયાં સુધી અરબ ઉપર એક શખ્સ કબ્જો ન મેળવી લે. તે શખ્સ મારા ખાનદાનનો હશે. તેનું નામ મારા નામ પ્રમાણે હશે. (અબુદાઉદ-તીરમીઝી શરીફ) આ હદીષ શરીફ હઝરત ઇમામ મેહદી ( રદીયલ્લાહો અન્હો ) ના આગમનતરફ સંકેત કરે છે.

(૧૧) હઝરત ઉમ્મે સલમાહ ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત છે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે)એ ફરમાવ્યું છે કે , એક શખ્સ મદીનાથી નિકળશે અને મકકા તરફ જશે. મકકાવાળાઓ તેની પાસે જશે. હજરે અસવંદ અને મકામે ઇબ્રાહીમની વચ્ચે તેના હાથ પર બૈઅત કરીને તેને પોતાનો ખલીફા જાહેર કરશે. જો કે આં તે શખ્સ જો કે આ તે શખ્સને પસંદ નહીં આવે, પછી શામ મુલ્કના બાદશાહ તરફથી લડવા માટે એક લશ્કર મોકલવામાં આવશે, જે મકકા અને મદીનાના વચ્ચે એક મકામે બૈદા પર જમીનમાં ખુંચાઇ જશે. આ વાતની જયારે લોકોને ખબર પડશે ત્યારે શામના અબ્દાલો અને ઇરાકીઓ તે શખ્સના હાથ પર બૈઅત કરશે. (તે શખ્સ હઝરત ઇમામ મેહદી રદીયલ્લાહો અન્હો હશે) પછી ઇમામનું લશ્કર વિજય મેળવશે અને ઇમામ અહેકામે મોહમ્મદી પર અમલ કરશે અને સાત

વર્ષ સુધી આખાયે જગત પર ઇમામે મેહદી ( રદીયલ્લાહો અન્હો ) ની સલ્તનત ચાલશે ત્યારબાદ ઇમામની વફાત થશે. અને મુસલમાનો તેમની નમાઝે જનાઝા અદા કરશે. ( અબુદાઉદ શરીફ)

(૧૨) હઝરત અબુ સઇદ ખુદરી ( રદીયલ્લાહો અન્હો )થી રીવાયત છે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યુ છે, કે ઇમામે મેહદી (રદીયલ્લાહો અન્હો) મારી ઓલાદમાંથી હશે. ચમકદાર પહોળી પેશાની, લાંબી નાક અને તે જમીન ઉપર ન્યાયથી શાંતિનું સામ્રાજ્ય ફેલાવી દેશે અને તે સાત વર્ષ સુધી જમીનના માલીક રહેશે. (અબુ દાઉદ શરીફ)

(૧૩) હઝરત અબુ ઇસ્હાક ( રદીયલ્લાહો અન્હો )થી રીવાયત છે, કે હઝરતઅલી ( રદીયલ્લાહો અન્હો ) એ પોતાના મોટાપુત્ર હઝરત ઇમામ હસન ( રદીયલ્લાહો અન્હો )ની તરફ જોઇને કહ્યું કે જેમ મારા આ પુત્ર સરદાર છે તેમ રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે, કે આમની (હઝરત હસનની) ઔલાદમાંથી એક મહાન શખ્સ પૈદા થશે જેનું નામ હુઝુરના નામની બરાબર અને આદતો -અખલાક (સંસ્કાર) પણ હુઝુરના જેવા જ હશે અને તે દુનિયા પર ઇનસાફ અને શાંતિને કાયમ કરશે. (અબુ દાઉદ શરીફ)

અહિયા પણ હઝરત ઇમામ મેહદી ( રદીયલ્લાહો અન્હો )ના આગમનની તરફ ઇશારો છે.

(૧૪) હઝરત હુઝૈફા બીન સઇદ ગફફારી ( રદીયલ્લાહો અન્હો )થી રીવાયત છે કે, અમે કયામતનો ઝિક્ર કરી રહ્યા હતા. કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એ અમારી તરફ જોઇને ફરમાવ્યું કે કયામત ત્યાં સુધી નહીં આવે જયાં સુધી તમે આ દશ નિશાનીઓ જોઇ ન લો (૧) એવો ધુમાડો નિકળશે જે પૂર્વથી પશ્ચિમ સુધી ચાલીસ દિવસ ફેલાયેલો

રહેશે (૨) દજ્જાલ (૩) દાબ્બતુલ અર્દ એટલે એક ચોપગો જાનવર છે. ૬૦ ગજ લાંબો હશે. તેની પાસે હઝરત મુસા (અલયહીસ્સલામ)ની અસા (લાકડી) અને હઝરત સુલેમાન (અલયહીસ્સલામ)ની અંગુઠી હશે. અને દોડવામાં તેની બરાબરીમાં કોઇ નહીં આવી શકે એવા જાનવરનું નિકળવું (૪) સૂર્યનું પશ્ચિમથી ઉગવું (૫) હઝરત ઇસા (અલયહીસ્સલામ)નું આવવું (૬) યાજુજ માજુજનું આવવું (૭,૮,૯,) ત્રણ જગ્યાથી જમીનનું અંદર ઉતરી જવું. (૧૦) એવી આંધી ઉડશે કે લોકોને ઉપાડી દરીયામાં ફેંકી દેશે. (મુસ્લીમ શરીફ)

(૧૫) હઝરત અબુ હુરૈરાહ ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત છે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે આ ત્રણે વાતો જાહેર થઇ જાય પછી કોઇ પણ માણસ ઇમાન લાવે અને સારા કામ કરે તે નકામાં ગણાશે. તેનું પાછળથી ઇમાન લાવવું અને સારા કામ કરવાથી કોઇ ફાયદો થશે નહીં. અને ત્રણ વાતો આ છે. (૧.) સુર્યનું પશ્ચિમથી ઉગવું (૨) દજ્જાલનું આવવું (૩) દાબ્બતુલ અર્દનું આવવું

(મુસ્લીમ શરીફ)

(૧૬) હઝરત અબુ ઝર( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત છે, કે. રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે સૂર્ય જયારે અસ્ત થાય છે ત્યારે તે કયાં જાય છેં તે તમો જાણો છો ? મે અર્જ કરી કે અલ્લાહ અને તેના રસુલ બહેતર જાણકાર છે. ત્યારે આપે ફરમાવ્યું કે સૂર્ય આથમી અર્શની નીચે જઇને સીજહદ કરે છે. પછી રબ્બુલ આલમીનના દરબારમાં હાજર થવાની પરવાનગી માંગે છે. તેને રજા આપવામાં આવે છે. પછી તેને પૂર્વથી ઉદય થવાનો હુકમ થાય છે. પરંતુ એક દિવસ આ પ્રમાણે નહીં થાય તેનો સીજદહ કબુલ નહીં થાય, તેનો દરબારે ઇલાહીમાં

દાખલ થવાની રજા નહીં મળે અને તેને પશ્ચિમમાંથી જ પાછા જવાનો હુકમ થશે. ત્યારે સમજી લેવુ કે કયામત કરીબ (નજીક છે. )(મુસ્લિમ શરીફ)

(૧૭) હઝરત અનસ ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત છે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે કોઇ નબી એવા નથી થયા કે જેઓએ પોતાની ઉમ્મતને જુઠા અને કાણાંથી ન ડરાવ્યા હોય. ખબરદાર ! દજ્જાલ કાંણો છે અને તમારો પરવર દિગાર કાંણો નથી. દજ્જાલની આંખો વચ્ચે, કાફ, ફે, રે (કાફીર) લખેલુ હશે.

(બુખારી - મુસ્લિમ શરીફ)

(૧૮) હઝરત અબુ હુરૈરાહ ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત જે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે હું તમોને દજ્જાલનો હાલ બતાવુ જે કોઇ નબીએ આજ સુધી તેમની ઉમ્મતને નથી બતાવ્યો. દજ્જાલ કાંણો હશે. પોતાની સાથે જન્નત અને દોઝખ બે વસ્તુઓ લાવશે જે વસ્તુને તે જન્નત કહેશે હકીકતમાં એ દોઝખ હશે. અને જેને તે દોઝખ કહેશે તે હકીકતમાં જન્નત હશે. તમોને હું તેનાથી ડરાવું છું. જેમકે હઝરત નુહ (અલયહી સ્સલામ) એ પોતાની કૌમને ડરાવી હતી.

(મુસ્લીમ બુખારી શરીફ)

(૧૯) હઝરત હુઝૈફા ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત છે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે દજ્જાલની ડાબી આંખ કાણી હશે અને આખા શરીર પર પુશ્કળ પ્રમાણમાં વાળ હશે, તેની સાથે જન્નત અને દોઝખ હશે. તેની આગ હકીકતમાં જન્નત હશે. અને જન્નત હકીકતમાં આગ હશે. - (મુસ્લિમ શરીફ)

(૨૦) હઝરત અનસ ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત છે, કે રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે ઇસ્ફહાનના

૭૦ હજાર યહુદીઓ દજ્જાલની પૈરવી કરશે. (અનુસરણ કરશે) જેમના માથાઓ ઉપર ચાદરો નાંખેલી હશે. (મુસ્લિમ શરીફ)

(૨૧) હઝરત અબુ હુરૈરાહ ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત છે, કે રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે દજ્જાલ સફેદ ગધેડા ઉપર સવાર થઇને નિકળશે તેમના ગધેડાના બન્ને કાન વચ્ચે ચાર હાથની પહોળાઇ હશે. (બયહકી શરીફ)

(૨૨) હઝરત અબુ હુરૈરાહ ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત છે, કે રસુ લુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે દજ્જાલ મદીના શરીફમાં દાખલ નહીં થઇ શકે કારણકે તે દિવસોમાં મદીના શરીફના સાત દરવાજા દજ્જાલને અંદર નહીં જવા દે. (બુખારી શરીફ)

(૨૩) હઝરત અસ્મા બીન્તે યજીદબીન મિસ્કીન (રદીયલ્લાહો અન્હો) કહે છે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે દજ્જાલ ૪૦ વર્ષ જમીન પર રહેશે અને તે વખતે વર્ષ મહીના જેવો મહીનો અઠવાડીયા જેવો અને અઠવાડીયુ દીવસ જેવું નાનું બની જશે.

(૨૪) હઝરત જાબીર ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત છે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કેમારી ઉમ્મત માંથી એક જમાઅત હંમેશા સત્ય માટે લડતી રહેશે. અને કયામતના દિવશે તે જમાઅત દુશ્મનો પર વિજય મેળવશે પછી હજરત ઇશા ઇબ્ને મરીયમ (અલયહીસ્સલામ) ઉતરશે અને મારી ઉમ્મત ના ઇમામ આગેવાન તેઓને કહેશે કે આવો તમે નમાઝ પઢાવો, ત્યારે આપ તેઓને કહેશે કે હું ઇમામત નથી કરતો એટલા માટે કે તમારામાં ઘણા ઇમામ છે. ખુદા તઆલા આ ઉમ્મતને બુઝુર્ગ શ્રેષ્ઠ ગણે છે. (મુસ્લિમ શરીફ)

(૨૫) હઝરત અબ્દુલ્લાહ બીન ઉમર ( રદીયલ્લાહો અન્હો )

થી રીવાયત છે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે હઝરત ઇસા ઇબ્ને મરીયમ (અલયહીસ્સલામ)જમીન પર નાઝિલ થશે (ઉતરશે). તેઓ નિકાહ કરશે, તેમની ઔલાદ થશે, ૪૫ વર્ષ સુધી જગત પર રહેશે, પછી વફાત પામશે અને મારી પાસે કબ્રમાં દફન થશે. (કયામતના દિવસે) હું અને ઇસા ઇબ્ને મરીયમ (અલયહીસ્સલામ)એક કબ્ર માંથી અને હઝરત અબુ બકર અને હઝરત ઉમરની(રદીયલ્લાહો અનહો) વચ્ચેથી ઉઠીશુ. (કિતાબ વફા)

(૨૬) હઝરત અનસ ( રદીયલ્લાહો અન્હો ) થી રીવાયત છે, કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું છે કે કયામત ત્યાં સુધી નહીં આવે જ્યાં સુધી દુનીયા પર કોઇ અલ્લાહ અલ્લાહ કહેનાર બાકી હશે. અને એક રીવાયતમાં એમ પણ કહેવામાં આવ્યું છે :- અલ્લાહ ! અલ્લાહ ! કહેનાર પર કયામત કાયમ નહીં થાય (મુસ્લિમ શરીફ)

(હવાલા :- હદીષ શરીફ નં.૧ થી ૨૬ (મિશ્કાત શરીફ ભાગ બે ના પાના નં ૨૮૪ થી ૩૦૨ સુધીથી લીધેલ છે.)

## કયામત કયારે ?

આ પ્રશ્નના જવાબમાં આપણા આ'કા અને મૌલા હુઝુર પુર નૂર નૂરે મુજસ્સમ સરકારે દો જહાં તાજેદારે અંબિયા હઝરત અહમદે મુજતબા મોહંમદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ બતાવેલી નિશાનીઓ હદીષ શરીફની રોશનીમાં જોઇ. હવે આપણે તે જ નિશાનીઓને વિસ્તુત રીતે બીજી કિતાબોના હવાલાથી જોઇએ.

## હઝરત ઇમામ મેહદી (રદીયલ્લાહો અન્હો) નું આગમન.

હઝરત ઇમામ મેહદી ( રદીયલ્લાહો અન્હો )વિશે એહલે સુન્નત વ જમાઅતનો અકીદો એ છે કે, આપ કયામત પહેલા મદીના શરીફમાં જાહેર થશે. આપ ખાનદાને એહલે બૈત માંથી એટલેકે હઝરત ઇમામ હસન (રદીયલ્લાહો અન્હો) ની ઔલાદ માંથી હસની સૈયદ હશે. અને તેઓનું નામ મહંમદ અને લકબ મેહદી હશે. તેમના વાલિદ (પીતા) નું નામ અબ્દુલ્લાહ અને માતા એટલેકે વાલેદાહનું નામ બીબી આમેના હશે.

જ્યારે આખી દુનિયામાં કુફ્ર ફેલાઇ જશે અને ઇસ્લામ ફકત હરમૈન શરીફ (મકકા મદીના) માંજ બાકી રહેશે. રમઝાનુલ મુબારકનો પવિત્ર મહીનો હશે. જગતના તમામ ઔલિઓ અને અબ્દાલો હિજરત કરીને કાબા શરીફમાં તવાફ કરવા આવી ગયા હશે. તે વખતે હઝરત ઇમામ મેહદી (રદીયલ્લાહો અન્હો) આવી ગયા હશે. ઔલિયાઓ અને અબ્દાલો તેમને ઓળખી કાઢશે. અને તેમના મુરીદ બનવા માટે આગ્રહ કરશે. પરંતુ હઝરત ઇમામ મેહદી(રદીયલ્લાહો અન્હો) તેને નકારી કાઢશે. તે સમયે ગૈબથી એક અવાઝ આ રીતે સંભળાશે.

" **હાઝા ખલીફતુલ્લાહીલ મહદી ફસ્મઅ - હુ વ અતી ઉહ** " એટલેકે આ અલ્લાહના ખલીફા છે. તેમની વાત સાંભળો અને તેમના હુકમ માનો ત્યાર પછી તમામ લોકો તેમના હાથ પર બૈઅત કરશે. (મુરીદ બનશે.) આપ રૂએ જમીનના બાદશાહ બનશે. આખાએ જગત પર તેમની સલ્તન ચાલશે. તેઓ ન્યાય (ઇન્શાફ) થી

જગત પર રાહત આરામ અને સલામતિની દુનિયા ને આબાદ કરશે. તેમની સલ્તનતમાં રહેમત ભરેલી વરસાદ થશે. ખુદા તરફથી બરકતો નાઝીલ થશે. લોકો એટલા સુખી અને માલદાર થઇ જશે કે ઝકાતનો માલ આપવા માટે ગરીબો શોધ્યા નહીં જડે. દીને ઇસ્લામની બોલબલા થશે એવી રીતે સાત વર્ષ સુધી દુનિયામાં રહેશે. (કાનુને શરીઅત, રૂહેઇસ્લામ )

## હઝરત ઇસા ઇબ્ને મરીયમ (અલયહી ઇસ્લામ)

હઝરત ઇમામ મેહદી (રદીયલ્લાહો અન્હો) નું લશ્કર જ્યારે દજ્જાલના લશ્કર સાથે સિરિયામાં અથડાશે ત્યારે ઇમામ મેહદી( રદીયલ્લાહો અન્હો )ની મદદ માટે હઝરત ઇસા ઇબ્ને મરીયમ (અલહીસ્સલામ) ચોથા આસમાન ઉપરથી જમીન ઉપર આવશે સિરીયાના મોટા શહેર દમિશ્કના પુર્વ તરફના સફેદ મિનારા ઉપર ફજરની નમાઝના સમયે બે ફરીશ્તાઓના ખંભા ઉપર હાથ રાખીને તેઓ ઉતરશે. અને તરતજ તેઓ બૈતુલ મુકદ્દસ તરફ આવશે. ત્યારે ફરજની નમાઝની જમાઅત માટે તકબીર થઇ ચુકી હશે. હઝરત ઇશા રૂહુલ્લાહ, હઝરત ઇમામ મેહદી( રદીયલ્લાહો અન્હો ) ને ઇમામત કરવાનો આગ્રહ કરશે પછી હઝરત ઇમામ મેહદી( રદીયલ્લાહો અન્હો ) ઇમામત કરશે. (નમાઝ પઢાવશે) હઝરત ઇસા(અલયહીસ્સલામ) અને તમામ મુસલમાનો આપની તાબેદારીમાં નમાઝ અદા કરશે. આ સમયે દજ્જાલ બૈતુલ મુકદ્દસના દરવાજા સુધી આવી પહોચ્યોં હશે. પણ હઝરત ઇસા(અલયહીસ્સલામે)ની જાણ થતા તે ગભરાશે અને એટલામાંજ હઝરત

ઇસા (અલયહીસ્સલામ) ભાલા વડે તેને મારી નાખશે. અને દજ્જાલ ત્યાંજ મરણને શરણ થશે.

ફસાદી દજ્જાલથી દુનિયા છુટકારો મેળવશે. હઝરત ઇશા(અલયહીસ્સલામ) ની હાજરીમાં જ હઝરત ઇમામ મહેદી ( રદીયલ્લાહો અન્હો ) ની રહલત (વફાત) થશે. તમામ મુસલમાનો આપની નમાઝે જનાઝામાં શરીક થઇ આપને દફન કરશે. આખી દુનિયામાં ઇસ્લામી ઝંડો લહેરાશે. ત્યારબાદ હઝરત ઇસા (અલયહીસ્સલામ) પણ આ દુનિયાથી વિદાય લેશે. (વફાત પામશે) આપને મદીના શરીફમાં ગુમ્બદે ખિઝરામાં હુઝુર રહમતે આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની કબ્ર શરીફ પાસે દફન કરવામાં આવશે. જ્યાં એક જગ્યા પહેલાથીજ ખાલી રાખવામાં આવેલ છે.

(કાનુને શરીઅત, રૂહે ઇસ્લામ )

## યા'જુજ મા'જુજ

હઝરત નુહ (અલયહીસ્સલામ)ના એક પુત્ર યાફસની ઔલાદ યા'જુજ મા'જુજ કહેવામાં આવે છે આ કૌમ ઘણીજ નિર્દય કદાવર તોફાની મારફાડ, કરનાર અને જાલીમ કૌમ હતી. દરેક લીલોત્રી જાનવર અને માણસને પણ આ લોકો મારીને ખાઇ જતા હતા. હઝરત સીકંદર ઝુલકરનૈને લોખંડી દિવાલની પાછળ આ કૌમને પુરી દીધી છે. આખર જમાનામાં આ કૌમે તે લોખંડી દિવાલ (સદ્દે સીકંદરી)ને તોડીને બહાર આવશે. અને દુનિયા પર કત્લોગાર અને ઝુલ્મો સીતમ કરશે. દરેક વસ્તુને ખાઇ જશે. તળાવ અને દરીયાના પાણીને પી જશે, દરેક જાનવરને મારીને ખાઇ જશે, માનવીને પણ આ આ રાક્ષસી કૌમ પોતાનો ખોરાક બનાવશે. તે વખતે

હઝરત ઇસા (અલયહીસ્સલામ) મોમીનોને લઇને તુરની પહાડી પર ખુદાની બંદગીમાં પ્રવૃત હશે. પછી હઝરત ઇસા (અલયહીસ્સલામ) યા'જુજ મા'જુજ ને હલાક કરવા બદદુઆ કરશે. આપની બદદુઆથી આ કૌમ ઉપર ખુદાનો કહેર નાઝિલ થશે. આ કૌમના દરેક લોકોના ગળામાં એક પ્રકારની ગાંઠ (કેન્સર જેવી બીમારી) થશે. અને તેમાં જીવડા પડશે. આ ભયંકર ત્રાસ દાયક બિમારીથી રીબાઇ રીબાઇને આ જાલીમ કૌમ હલાક થવા લાગશે. જમીન પર તેમની લાસોના ઢગલા વળશે. તેમની લાશોમાંથી દુર્ગંધ આવશે. આખી દુનીયા દુવાસથી ખદબદી ઉઠશે. ત્યાર બાદ હઝરત ઇસા( અલયહીસ્સલામ)ની દુઆથી અલ્લાહ તઆલા વરસાદ વરસાવશે, વરસાદથી દુનિયાની તમામ ગંદકી દુર થઇ જશે, જગતમાં ફરીથી અમન અને ચેન, રાહત અને શુકુન થશે. આખી સૃષ્ટિમાં શાંતિની સ્થાપના થશે.

(કાનુને શરીઅત, રૂહે ઇસ્લામ)

## દજ્જાલ

એક આંખથી કાણો સફેદ ગધેડા ઉપર સવાર ખુદાઇ દાવો કરનાર કાફીર હશે. તેના કપાળ ઉપર અરબીમાં કાફ, ફે, રે (કાફીર) ચોખ્ખુ લખેલુ હશે. જે દરેક મુસલમાન વાંચી શકશે. ખુબજ ઝડપથી આખી દુનિયામાં ફરશે, પરંતુ મકકા શરીફ, મદીના શરીફ, અને બૈતુલ મુકદ્દસમાં દાખલ નહીં થઇ શકે, હઝરત ઇશા ઇબ્ને મરીયમ (અલયહીસ્સલામ) તેને ભાલાથી મારશે. ત્યારે જ તેનો ખાત્મો બોલશે. (કાનુને શરીઅત રૂહે ઇસ્લામ વિગેરે)

## દાબ્બતુલ અર્દ

આશ્ચર્ય પમાડે તેવી શકલો- સૂરતવાળા જાનવરનું નામ દાબ્બતુલ અર્દ છે. જે કયામત પહેલા સફા પહાડીમાંથી નિકળશે. અને દુનિયાના દરેક શહેરોમાં તે વિજળીવેગે ફરી વળશે. તેના હાથમાં હઝરત મુશા (અલયહીસ્સલામ) ની લાકડી હશે, તેનાથી મુસલમાનના ચહેરા ઉપર સફેદ નિશાની કરશે, અને બીજા હાથમાં હઝરત સુલેમાન (અલયહીસ્સલામ) ની વીટી હશે, તેના વડે તે કાફીરના કપાળ ઉપર કાળો ડાઘ પાડશે. આથી મોમીન અને કાફીર વચ્ચે તફાવત તરતજ જણાઇ આવશે. દાબ્બતુલ અર્દે કરેલી નિશાની કાયમ રહેશે જે કાફીર હશે તે કદી મુસલમાન નહીં બની શકે અને જે મોમીન હશે તે કદી ઇમાન પરથી ખસી નહીં શકે, તે હંમેશા મુસલમાન જ રહેશે. (કાનુને શરીઅત)

કયામત કયારે ? ના આ઼કાએ નામદાર તાજદારે દો આલમ હઝુર અહમદે મુજતબા મોહંમદ મુસ્તફા( સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ બતાવેલી કયામત અગાઉની દુનિયાની હાલત કેવી હશે ? તેનું વિસ્તૃત બયાન અન્ય કિતાબોના હવાલાથી જોઇએ.

૧. ત્રૈણ જગ્યાએ માણસો જમીનમાં ધસી પડશે. એટલે પૂર્વમાં, પશ્ચિમમાં અને અરબસ્તાનમાં.

૨. ઇલ્મ ઉઠાવી લેવામાં આવશે. (આલીમો જલ્દી-જલ્દી મરવા લાગશે).

૩. જે હાલત (અજ્ઞાનતા ) વધી જશે.

૪. દારૂ અને વ્યભિચાર ખુબ વધશે, બેશર્મી એટલી હદે વધશે કે

ખુલ્લેઆમ વ્યભીચાર થવા લાગશે.

૫. પુરૂષોની સંખ્યા ઓછી હશે અને સ્ત્રીઓની સંખ્યા વધી જશે. એટલે સુધી કે દર એક પુરૂષે ૫૦ સ્ત્રીઓની દેખરેખ કરવી પડશે.

૬. માલ દૌલત એટલુ વધશે કે કોઇ ગરીબ નહીં દેખાય.

૭. અરબમાં હરીયાળી થશે. એટલે બાગ-બગીચા અને ખેતી થશે. ફુરાત નદી પોતાના ખજાનાઓ બહાર ફેંકી દેશે અને તે સોનાના પહાડ બની જશે.

૮. પુરૂષો પોતાની પત્નીઓનું કહેવું માનશે. પણ પોતાના મા-બાપનું કહેવું નહીં સાંભળે .

૯. ગાવા-વગાડવાનું આમ થઇ જશે. સંગીતની બોલબાલા થશે.

૧૦. પહેલાના બુઝુર્ગોને બુરા કહેવામાં આવશે.

૧૧. નાલાયક અને બુરા કામ કરનાર કૌમના પેશવા (લીડર) બનશે.

૧૨. હલકી કૌમના લોકો જેમને શરીર ઢાંકવા કપડુ પણ નથી મળતુ તેવા લોકો મોટી-મોટી બીલ્ડીંગોમાં રહેશે અને અભિમાન કરશે.

૧૩. મસ્જિદમાં લોકો દુનિયાની વાતો કરશે. અને મસ્જીદની બેઅદબી થવા લાગશે.

૧૪ . ઇસ્લામ પર કાયમ રહેવું એટલે કે ઇમાનને સાચવવું એટલુ અઘરૂ બનશે કે ઇમાન રાખવું અને હથેળીમાં આગ રાખવી બરાબર થઇ જશે અને માણસ એટલો ત્રાસી જશે કે કબ્રસ્તાનમાં જઇને પોકારી ઉઠશે કે અફસોસ ! આ કરતા તો અહિંયા આવિને સુઇ ગાયા હોત તો સારૂ થાત. (મતલબ કે માણસ મૌતને પસંદ કરશે.)

૧૫. જાનવરો માણસ સાથે વાતચીત કરશે, ચાબુકનો છેડો અને

જોડાના તળીયા પણ માનવી સાથે વાચચીત કરશે. અને ઘરમાં જે કાંઇ બન્યું હશે તે કહી આપશે. માનવીની જાંઘ પણ માનવી સાથે વાતો કરશે.

૧૬. સૂર્ય પશ્ચિમથી ઉગશે ત્યાર બાદ તૌબાહના દરવાજા બંધ થઇ જશે. આ સમયે ઇસ્લામ કબુલ કરવું કે તૌબાહ કરવી ફાયદા વિહિન હશે. (નકામું ગણાય).

૧૭. મોટા દજ્જાલ સિવાય કયામત સુધીમાં ૩૦ દજ્જાલ પૈદા થશે. અને પોતે નબી હોવાનો દાવો કરશે. જો કે નબુવ્વત અમારા નબી હઝરત મોહંમદ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર ખત્મ થઇ ચકી છે. તેમ છતા આવા જુઠા દાવા કરનાર ૩૦ નાના દજ્જાલ પૈદા થશે. તેમાંથી ઘણા થયા છે, જેવા કે મુસેલીમાં કજ્જાબ, તલી હાબીન, ખુવેલીદ અસ્વદ ઉન્સી, સજ્જાદ મીરઝા અલી, મોહંમદ બાબ મીરઝા ,અલી હસેન, બહાઉલ્લાહ, મીરઝાગુલામ એહમદ કાદીયાની વિગેરે જે બાકી છે તે પણ જરૂર થશે. (કાનુને શરીઅત)

## કયામત અગાઉની કેટલીક વધુ નિશાનીઓ

૧. કયામત પહેલા એવો જમાનો આવશે કે દીન (ધર્મ) ઉપર ટકી રહેવું એટલુ મુશ્કેલ હશે કે આગ પર ચાલવું, અંગારા ઉપર બેસવું બરાબર થઇ જશે. (તીરમીઝી શરીફ)

૨. આખર જમાનામાં આબીદ (ઇબાદત ગુજાર) જાહીલ (અજ્ઞાન) અને કારી ફાસીક હશે. (હાકીમ)

૩. કયામત પહેલા લોકો મસ્જીદ ઉપર અભિમાન કરશે. (અબુ દાઉદ શરીફ)

એટલે કે અમુક લોકો કહેશે કે અમારી મસ્જીદ સારી છે તો અમુક લોકો કહેશે કે અમારી મસ્જીદ તમારા કરતા પણ વધુ શાનદાર છે.

૪. કયામત પહેલલોકો ફહસ (ગંદુ) બોલશે. ખોટા કાર્યોના તરફદાર હશે, સગા-વ્હાલા સાથેના સબંધો છોડી દેશે, થાપણમાં ઉચાપત કરશે. અને ઉચાપતીયાઓ પાસે જ થાપણ મુકવામાં આવશે. (તિબ્રાની)

૫. કયામત પહેલા લોકોને પહેલી રાતનો ચાંદ એટલો મોટો દેખાશે જેવો બીજી રાતનો હોય (તીબ્રાની)

૬. કયામત પહેલા વરસાદ ઘણો થશે. પણ ઉપજ ઓછી હશે, કારી ઘણાં હશે પરંતુ પરહેઝગાર ઘણાં ઓછા હશે, માલદાર ઘણાં હશે, પરંતુ અમાનતદાર લોકોની કમી હશે. (તીબ્રાની)

અથાર્ત : મૌલવી મુલ્લા અને બનાવટી, દેખાવ કરનારા, જુઠા સુફીઓ ઘણા હશે. પરંતુ સાચા આરીફ (ખુદા રસીદા) શોધ્યા નહીં જડે.

૭. કયામત પહેલા મુત્તકી અને નેક લોકો મરી જશે, નકામા અને ખરાબ પ્રકારના લોકો બાકી રહેશે. (અબુ નઇમ, બુખારી શરીફ)

૮. કયામત પહેલા નાલાયક ઔલાદ પૈદા થશે, જેમના ઉપર તેમના મા-બાપને સખ્ત ગુસ્સો પણ આવશે, ઉનાળામાં પણ વરસાદ થશે. પરંતુ તેથી ખેતીને કોઇ લાભ નહીં થાય (તીબ્રાની)

આજકાલ આપણે આ બધુ જોઇ રહ્યા છીએ તેથી માલુમ થાય છે, કે કયામત હવે નજીક છે.

૯. કયામત પહેલા લોકો જુઠાને સાચો અને સાચાને જુઠો કહેશે. (તીબ્રાની)

૧૦. લોકો પારકાઓથી સબંધ રાખશે અને પોતાનાઓથી દૂર જશે. (તીબ્રાની)

૧૧. કયામત પહેલા કૌમનો આગેવાન (સરદાર) મુનાફીક અને ફાજીર માણસ બનશે. (ઇબ્ને અસાકીર)

૧૨. ઇમાનદાર માણસની બેઇજ્જતી થશે. (તીબ્રાની)

૧૩. મસ્જીદની મહેરાબો શણગારેલી હશે પણ દીલ તો વેરાન હશે. (તીબ્રાની)

૧૪. દુનિયાના સારા આબાદ શહેરો વેરાન થઇ જશે અને ઉજ્જડ વગડાઓમાં આબાદી થશે.. (ઇબ્ને અસાકીર)

૧૫. આખર જમાનામાં દારૂ આમ વપરાશે, ખેલ-કુદ અને દરેક નાજાઇઝ કામો અને વાજીંત્રોની કસરત (વધારો ) થશે. (તીબ્રાની)

૧૬. અત્યાચારી સત્તાધીશો, ઐબ શોધનારા, સચ્ચાઇ ઉપર ઐબ બયાન કરનારા અને ઝીનાની ઔલાદની સંખ્યામાં વધારો થશે. (તીબ્રાની)

૧૭. કયામત પહેલા લોકો દારૂને જાઇઝ પીણુ, વ્યાજને વહેપાર, હરામ માલને ભેટ કહેશે, ઝકાતના પૈસા મજદુરીમાં આપશે. એવા સમયમાં પૂર્વ તરફથી લાલ આંધી આવશે. અને લોકોની સૂરતોને નાબુદ કરી દેશે. (દેલમી)

૧૮. આખર જમાનામાં શૈતાન આદમીની પાસે આવશે અને આદમીના વેશમાં આવી એવી જુઠ્ઠી વાતો કરશે જેથી કરીને માણસોની અંદર કુસંપ પૈદા થાય. (મુસ્લિમ શરીફ)

૧૯. આખર જમાનામાં મોટાની કોઇ ઇઝ્જત નહીં કરે અને નાના પર કોઇ દયા નહીં રાખે, હરામીઓની સંખ્યા વધારે હશે, ઔરત ખુલ્લે આમ રસ્તામાં ઝીના કરાવશે, લોકો બકરીની ખાલ પહેરશે પણ દિલ વરૂ જેવા હશે.

૨૦. કયામત નજીક ગરીબ અને ચરવાહા (ગોવાળ) જેવી જ્ઞાતિના લોકો મોટી-મોટી ઇમારતો બનાવવા લાગશે.

(બુખારી મુસ્લિમ શરીફ)

૨૧. મસ્જીદવાળા ઇમામત માટે એક બીજાને ઇમામ બનવાનું કહેશે પણ કોઇ ઇમામ નહીં બને અને કોઇ ઈમામ પણ નહી મળે કે જે તમને નમાઝ પઢાવે. (અહમદ).

૨૨. લોકો એવા ત્રાસી જશે કે, કબ્રો જોઇને બોલી ઉઠશે કે કાશ ! અહિંયા આવીને સુઇ ગયા હોતતો સારૂ થાત. (મુસ્લિમ શરીફ)

૨૩. લોકો પોતાના બાદશાહો અને ઇમામોને કતલ કરશે. ઇલ્મ નાના માણસો પાસે રહી જશે, મોટા માણસો દુનિયા તબલીમાં લાગી જશે.

૨૪. આખર જમાનામાં ભાઇ-ભાઇને કત્લ કરવામાં દુ:ખ નહીં અનુભવે (હાકીમ)

૨૫. આખર જમાનામાં હલ્કી જાતીના લોકો મોટા મર્તબા ઉપર હશે અને ઉચ્ચ ખાનદાનના લોકો હલ્કા હોદ્દા પર હશે.

(નઇમ બીન હમ્માદ)

૨૬. આખર જમાનામાં લોકો કમીની (હલકી) ઔરત સાથે શાદી કરશે અને પોતાની કૌમની ગરીબ ભલી બહેનો તરફ ધ્યાન પણ નહીં આપે. (તિબ્રાની)

૨૭. નાહક (નાજાઇઝ) માલ ખાવામાં આવશે, અંદરો અંદર ખુનરેજી થશે., કુરાબતદારોની શિકાયત સાંભળવામાં આવશે નહી, સાઇલ હાથ ફેલાવશે પણ કોઇ તેની સદાનહીં સાંભળે. (ઇબ્ને અબી સીબા)

૨૮. આખર જમાનામાં કિતાબુલ્લાહ પર અમલ કરવો એબ સમજવામાં આવે અને અમલ કરવો ભારે પડશે. ઇસ્લામ ગરીબ થઇ જશે, આપસમાં ઇર્ષાવધી જશે, જમાનો (વકત) ઘરડો થઇ જશે, આદમીની ઉમર ઓછી થઇ જશે, ઇલ્મ ઉઠી જશે, ઔલાદ નહીં થાય, ઝાડ ઉપર ફળ ઓછા આવશે, ઔલાદવાળી સ્ત્રીઓ ઔલાદની નાફરમાનીના કારણે દુઃખી હશે, વાંઝ ઓરતોને ઔલાદનહી હોવાથી ખુશી થશે, વરસાદ ઘણો પડશે, પણ ઉપજ નહીં આવે, ઠંડીની મોસમમાં ગરમીથશે, આ બધી કયામત પહેલાની નિશાનીઓ છે.

૨૯. કયામત નજીકમાં આ ત્રણ વસ્તુઓ શોધ્યે પણ નહી જડે (૧) હલાલ પૈસો (૨) નફાકારક ઇલ્મ (૩) ભાઇ ફીસબીલ્લિાહ લોકોને સદકો આપવો ભારે પડશે. જેહાદ માટે લોકોને મહેનતાણાના પૈસા આપવા પડશે.

૩૦. એવો પણ વખત આવશે કે માણસ મસ્જીદમાં આવશે પણ બે રકાત નમાઝ નહીં પઢે.

૩૧. આખર જમાનામાં લોકો મર્દ ઔરતથી ઇગ્લામ કરવા લાગશે મર્દનો નિકાહ મર્દથી થશે. હુઝુરે ફરમાવ્યુ છે કે, જયા સુધી આવા લોકો સાચી તૌબાહ ન કરે ત્યા સુધી એમની જનાઝાની નમાઝ પણ ન પઢવામાં આવે (★ ઇગ્લામ એટલે કૌમ લુત જેવી બદફેલી) (દારે કુત્ની)

૩૨. આખર જમાનામાં ઔરતોની હુકુમત હશે અને ઔરતોથી મસવરો (સલાહ સૂચન કરવામાં આવશે)

૩૩. આખર જમાનામાં કોઇ દીનદારનો દીન સલામત નહી રહે પરંતુ કોઇ દીન બચાવવા ચાહતો હોય તો પહાડની ગુફામાં જઇને બેસી જાય તો તેનો દીન બચવાની શકયતા છે. (બયહકી)

૩૪. એક જમાનો એવો પણ આવશે કે લોકો એહલે ઇલ્મને એવી રીતે કત્લ કરશે જેમ કુતરાને મારવામાં આવે છે. (દેલમી)

૩૫. હુઝુરે ફરમાવ્યું છે કે એવો જમાનો આવશે કે લોકો મસ્જીદમાં બેસીને દુનિયાની વાતો કરશે અને એવા લોકો પાસે તમે ન બેસો જેમને અલ્લાહની જરૂરત નથી અને એમ પણ ફરમાવ્યુ કે ઇમાનદાર આખરી જમાનામાં એવો સંતાતો ફરશે જેમ મુનાફીક સંતાતો ફરે છે.

૩૬. હુઝુરે ફરમાવ્યુ છે કે, જયારે તમો મસ્જીદને આરાસ્તા કરો અને કુર્આન શરીફને ઘરેણાઓથી શણગારવામાં આવે ત્યારે તમે હલાકતનો ઇન્તેજાર કરો. (હાકીમ-તીરમીઝી)

૩૭. કયામત નજીક લોકોની મૌત અચાનક થશે આજે આપણે "હાર્ટફેઇલ"ના બનાવો જોઇ રહ્યા છીએ

૩૮. આખર જમાનામાં લોકો સવારી પર મસ્જીદમાં આવશે અને તેમની ઔરતો એવા બારીક (ઝીણા) કપડા પહેરશે કે તેમની નગ્નતા ખુલ્લેઆમ દેખાશે. (અહમદ)

૩૯. લોકો અમાનતને માલે ગનીમત સમજશે અને ઝકાતને દંડ સમજીને આપશે. ઇલ્મ દુનિયા કમાવવા માટે પઢાવવામાં આવશે. મતલબ કે દંડ ભરવાની જેમ ઝકાત આપવી પણ લોકોને ભારે પડશે.

૪૦. કૌમનો સરદાર બેઇજ્જત અને કમીનો હશે, વેપાર ઘણો થશે, માલ પણ મોંઘો થશે, અને માલદારની ઇજ્જત પણ માલ હોવાના કારણે થશે, લશ્કર (ફોજ) ની સંખ્યા પણ વધશે, છોકરાઓના હાથમાં હુકુમત આવશે, ઔરતો વધારે થશે, બાદશાહ અત્યાચારી બનશે, વેપારી માપ-તોલમાં કમી કરવા લાગશે. (તીબ્રાની)

૪૧. કયામત નજીક પુછડીયો તારો નીકળશે.

૪૨. આખર જમાનામાં હજજની મનાઇ કરવામાં આવશે અને હજરે અસ્વાદને ઉઠાવી લેવામાં આવશે.

૪૩. કયામત પહેલા ખૂનરેજી અને બીમારીઓનો વધારો થશે.

૪૪. કયામત પહેલા પહાડો એમની જગ્યાએથી ખસી જશે.

૪૫. મૌલ્વી લોકોનો વધારો થશે, એ લોકો જ્યા હશે ત્યાના લોકો માટે હરામ ચીજોને હલાલ અને હલાલ ચીજોને એમના ઉપર હરામ કરી દેશે. અને દરેક મસ્અલામા તેમના મુવાફીક ફતવાઓ આંપશે.

(દૈલમી)

૪૬. આખર જમાનામાં લોકો મસ્જીદની ઇમારત જરૂરત કરતા મોટી બનાવશે. (તીબ્રાની)

૪૭. આખર જમાનામાં ધરતીકંપ વારંવાર થશે. (અબુ નઇમ)

૪૮. જયાસુધીકોઇ અલ્લાહ અલ્લાહ કહેનાર આ જગત પર બાકી હશે ત્યાં સુધી કયામત કાયમ નહીં થાય.

૪૯.કયામત પહેલા લોકોના દીલ ફરી જશે, એક ઘરમાં જુદી જુદી વિચારસણી ધરાવનાર થઇ જશે, એક ભાઇનો મઝહબ બીજા ભાઇથી જુદો હશે. (દૈલમી)

૫૦. આખર જમાનામાં લોકો ખુલ્લા રસ્તામાં સંભોગ કરશે અને તેમને કોઇ રોકનાર નહીં હોય અને કદાચ આ બુરા કામને જોઇને કોઇ એમ કહેશે કે ભાઇ આવુ બુરૂ કામ જાહેરમાં ન કરો. તેવા માણસને (આ બુરાઇથી રોકનારને) હઝરત અબુબકર (રદીયલ્લાહો અન્હો) અને હઝરત ઉમરેફાક(રદીયલ્લાહો અન્હો)ના સમાન ગણવામાં આવશે.

૫૧. હુઝુર પુર નૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું છે

કે કયામત મોહર્રમ શરીફની દશમી તારીખ અને જુમ્આના દિવસે કાયમ થશે. (તાલીમુલ ઇમાન)

●●●●●

આજથી ૧૪૦૦ વર્ષ પૂર્વે અમારા આકા હઝરત અહમદે મુજતબા મોહંમદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ઉચ્ચારેલી અગમવાણી આજે અક્ષરે અક્ષર સત્ય પામી છે. આ નાશવંત જગત પર જે જે ઘટનાઓ બનવાની હતી તે બની રહી છે અને જે બાકી છે તે પણ ઇન્શાઅલ્લાહ જરૂર બનશે એજ અમારૂ ઇમાન છે.

કયામત પહેલા જગત પર શું થશે તેની જે નિશાનીઓ હુઝુરે બતાવી છે, આજે આખુય જગત તે દયાજનક સ્થિતિમાં મુકાઇ ગયુ છે. લોકોના ઇમાન કમજોર થતા જાય છે. દીનદારી ઘટતી જાય છે, દેખાવના મુસલમાન વધી રહ્યા છે. પરંતુ બાઅમલ અલ્લાહવાળા શોધ્યા જડતા નથી મતલબ કે કયામત કરીબ છે.

ઇમાનની હિફાઝત માટે ખુદા અને તેના રસુલની રઝામંદી હાસિલ કરવા માટે અલ્લાહના કહેર અને ગઝબ નાઝિલ થાય તે પહેલા આપણે આપણી કર્મપોથીને વાંચીએ અને વિચારીએ કે જમાનું (નેકીનું) પાનું લાંબુ છે, કે ઉધાર (ગુનાહ) નું પાનું ? જે જમાનું (નેકીનું) પાનુ ટૂંકું હોય તો આજથી જ આપણે આમાલો (કર્મો) સુધારવા નિર્ણય કરી સત્કર્મોની શરૂઆત કરી દેવી રહી. કારણ કે, ઇમાન પછીની સૌથી મહત્વની જે બાબત છે તે સાલેહ અમલ (સત્કર્મ) છે.

અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં જયાં જયાં ઇમાનની વાત કરી છે, ત્યાં ત્યાં તરત જ સારા અમલ કરવાનો હુકમ પણ આપ્યો છે. મતલબ

કે ઇમાનનો દારોમદાર સારા અમલ પર રહેલ છે.

વર્તમાન યુગમાં આપણે નિહાળી રહ્યા છીએ કે ઇમાન અને ઇસ્લામની વાતો ઘણી થાય છે, મુકર્રીરો ખુબ સરસ તકરીરો કરે છે, લેખકો સુંદર દીની કિતાબો લખે છે, ઠેરઠેર શાનદાર દીની જલ્સાઓનું આયોજન થાય છે. પણ અમલની દુનિયામાં ડોકીયુ કરીએ છીએ તો શુન્યાવકાશ સિવાય કાંઇ જડતુ નથી. અમલ વિનાની આ બધી દોડધામ અને મહેનત સાર્થક ત્યારે જ થશે જયારે અમારી જિંદગીને અમલી જાન પહેરાવવામાં આવે. સાચે જ હઝરત અલ્લાહમાં ઇકબાલ સાહેબે સરસ મજાનો શેઅર લખીને મુદાની વાત રજુ કરી છે.

: શેઅર :

**અમલ સે જિંદગી બનતી હૈ, જન્નત ભી જહન્નમ ભી,**
**યહ ખાકી આપની ફિતરતમેં, ન નૂરી હૈ ન નારી હૈ.**

અલ્લાહ તઆલા અમો સર્વેને એક અને નેક બનવાની અમલી તૌફીક આપે આમીન.....

(ફકત અલ્લાહ બહેતર જાણકાર છે)

**બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ**

## ઇસ્લામી અદાલત

સવાલ : શાદીમાં દુલ્હાને સોનાની અંગુઠી પહેરાવવામાં આવે છે આવુ કરવું શરીઅતમાં જાઇઝ છે, કે નહી ?

જવાબ : શાદી હોય કે ન હોય, દરેક હાલતમાં મુસલમાન મર્દ માટે સોનાની અંગુઠી પહેરવી હરામ છે. 'મુસ્લિમ શરીફ' ની સહી હદીશ શરીફ માં લખ્યું છે કે નહા રસુલુલ્લાહ સલ્લાલ્લાહો અલયહે વસલ્લમ અન તખત્તો મિઝઝહબે

(અર્થ : હુઝુર રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે સોનાની અંગુઠી પહેરવાની (પુરૂષો)ને મનાઇ ફરમાવી છે. )

હઝરત મૌલા અલી કર્ર મઆલ્લાહો તઆલ્લા વજહહુલ કરીમ થી રિવાયત છે કે રસુલુલ્લાહ સલલ્લાહો અલયહે વસલ્લમે જમણાં હાથમાં રેશમ અને ડાબા હાથમાં સોનું લઇને ફરમાવ્યું "ઇન્ન હાઝાને હરામુન અલા મુઝકકરે ઉમ્મતી" (નશાઇ શરીફ, અબુ દાઉદ શરીફ ) (અર્થ : બેશક આ રેશમ અને સોનું મારી ઉમ્મતના પુરુષો માટે હરામ છે.) ફિકહની આધારભુત કિતાબ, હિદાયહ લાયજુઝો લીરજોલતે બિઝ ઝહબે લેમાં રવૈના. (અર્થ : પુરુષોએ સોનાનું ઘરેણું - ઝેવર પહેરવું જાઇઝ નથી. શરીઅતમાં જે વસ્તુ હરામ અને ખિલાફે શરઅ હોય તેનાથી મુસલમાનોએ દૂર રહેવું જોઇએ. ઘણી જગ્યાએ જોવામાં આવે છે કે, દુલ્હાને સોનાની અંગુઠી ઉપરાંત સોનાનો હાર અથવા ચાંદીનું ઘરેણું પહેરાવવામાં આવે છે. આ બધી બાબતો શરીઅત માં હરામ છે. પુરુષો માટે માત્ર ૪।। માશાથી ઓછા વજનની ચાંદીની અંગુઠીજ પહેરવી દુરસ્ત છે, સોનાનાં બટન, ચેઇન વગર એટલે દોરાથી બાંધેલ હોય અથવા છુટો હોય તો જાઇઝ છે. (સામાન્ય લોકો આ મસ્અલાને જાણતા નથી તેથી તેઓ આ બાબતમાં વધુ ખ્યાલ રાખતા નથી. આ મસ્અલાને બીજા સુધી પહોંચાડવાની જરૂરત છે. )

## બરકત અને રહમત પ્રાપ્ત કરવા માટે

બેકારી વધી ગઇ હોય, ધંધા રોજગારમાં બરકત જણાતી ન હોય અને દુઃખનો ભાર વધી જાય ત્યારે દરેક ફર્ઝ નમાજ પઢી લીધા પછી નીચેની દુઆને અગિયાર વખત પઢો. અવ્વલ - આખીર દરૂદ શરીફ ત્રણ વાર પઢો.

**"યા હય્યો, યા કય્યુમો ! યા લાઇલાહા ઇલ્લા અન્ત યા હન્નાનો યા મન્નાનો યા બદીઉસ્સમાવાતે વલ અર્દ. યા ઝલજલાલે વલ ઇકરામે ! અસ્અલોક અન તુહયેય કલ્બી બેનૂરે મઅરે ફતેકા યા અલ્લાહ યા અલ્લાહ !"** ઉપરકોત દુઆ પઢવાથી મૂસીબતો દૂર થશે. રિઝકમાં બરકત થશે અને ખુદાની રહમત નું ઉતરાણ થશે. ઇન્શાહ અલ્લાહ

## અણમોલ બોલ

**હઝરત સૈયદના સિદ્દીકે અકબર** (રદીયલ્લાહો અન્હો) ફરમાવે છેકેઃ- ઇબાદત એક વહેપાર છે, એકાંત તેની દુકાન છે, તકવા તેનો માલ છે, અને જન્નત તેનો નફો છે.

જેના ઉપર નસીહત અસર ન કરે તો, તેને સમજી લેવું જોઇએ કે તેમનું દીલ ઇમાનથી ખાલી છે.

બુરાઓની સંગત કરતા એકાંત કેટલાય દરજ્જા સારુ છે. અને એકાંત કરતા નેક લોકોની સંગત કેટલાય દરજ્જા સારી છે.

હઝરત સૈયદના ફારૂકે આઝમ (રદીયલ્લાહો અન્હો)ફરમાવે છે કે,

સખી હબીબે ખુદા છે ભલે તે ફાસીક હોય અને બખીલ દુશ્મને ખુદા છે. ભલે તે ઝાહિદ હોય.

દુનિયાના તલિબને ઇલ્મ શિખડાવવુ, ડાકુના હાથમાં તલવાર આપવા બરાબર છે.

જે વ્યક્તિ પોતાનું રસ્ય છુપાવે છે તે પોતાની સલામતી પોતાના હાથમાં રાખે છે.

**હઝરત સૈયદના ઉસ્માન ગની** (રદીયલ્લાહો અન્હો) ફરમાવે છે કે,

આશ્ચર્ય થાય છે એ વ્યક્તિ પર જે મૌતને હક્ક જાણે છે છતાં હસતો ફરે છે, આશ્ચર્ય થાય છે તે વ્યકતી પર જે દોઝખને હકક જાણે છે છતાં ગુનાહ કરતોજ રહે છે. આશ્ચર્ય થાય છે તે વ્યક્તિ પર જે શૈતાનને પોતાનો દુશ્મન સમજે છે છતાં તેની ગુલામી કરે છે:

ખામોશી (ચુપકીદી) ગુસ્સાનો સર્વ શ્રેષ્ઠ ઇલાજ છે. અગર તારે ગુનાહ કરવાજ હોય તો કોઇ એવી જગ્યા શોધી લે જ્યાં ખુદા ન હોય.

અગર તુખુદાની ફરમાબર દારી કરીશકવા અશકત હોય તો ખુદાની બનાવેલી કોઇપણ ચીઝ નો ઉપયોગ પણ ન કર.

જાનવર પોતાના માલિકને ઓળખે છે પણ ઇન્સાન પોતાના ખુદાને નથી ઓળખતો.

**હઝરત સૈયદ અલી શેરે ખુદા (રદીયલ્લાહો વજહહુ) ફરમાવે** છે કે : ખૈરાત સર્વ શ્રેષ્ઠ ઇબાદત છે.

સત્ય બોલવામાં બીક હોય તો પણ તેમાં નજાત (મુકતી)છે.

જ્યારે જુઠુ બોલવામાં બીક ન હોય તો પણ તેમાં પકડ થવાની છે.

ઇલ્મ માલ કરતા શ્રેષ્ઠ છે. કારણકે ઇલ્મ તમારુ રક્ષણ કરે છે, જ્યારે માલનું તમો રક્ષણ કરો છો.

કંજુસ દુનિયામાં ફકીર જેવી જિંદગી જીવશે અને આખેતરમાં તેને અમીરોના જેવો હીસાબ અપવો પડશે.

મુર્ખ બોલ્યા પછી વિચારે છે. ડાહ્યો બોલતા પહેલા વિચારે છે.

ખુદા તઆલાથી સુલેહ રાખ કે આખેરત ખરાબ ન થાય અને લોકો સાથે પણ સુલેહ રાખ કે દુનિયા ખરાબ ન થાય.

દરેક વાતમાં હા કહેવી મુનાફીકની નિશાની છે, દરેક વાતમાં ના કહેવી અદાવતની નિશાની છે.

**હઝરત ઇમામ જાઅફર સાદીક** (રદીયલ્લાહો અન્હો) ફરમાવે છે કે :- બદલો લેવા શકિતશાળી હોવા છતા ગુસ્સાને પી જવો સર્વે શ્રેષ્ઠ ઇબાદત છે.

તૌબાહ કરવી સરળ છે, પણ ગુનાહ છોડવા સરળ નથી.

ખોરાકથી શરીરને અને સબ્રથી રૂહને રાહત મળે છે.

નાની વયના માણસના ગુનાહ ઓછા સમજી તેને પોતાના કરતા વધુ ઇજજત આપવી જોઇએ.

**હઝરત સૈયદુત્તાઇફા જુનેદ બગદાદી** (રહેમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે :-જે માણસ રસુલે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ઇત્તેબા ન કરે ત્યાં સુધી તેના માટે સઘળા માર્ગ બંધ છે. અને ફરમાવ્યુ કે, જે માણસે કુર્આન યાદ ન કર્યુ અને હદીષ ન લખી હોય તેની ઇત્તેદા તે કાર્યમાં ન કરવામાં આવે કારણ કે, અમ્મરૂ ઇલ્મ કુર્આન તથા

હદીષ સાથે બંદીવાન છે.

**હઝરત બાયઝીદ બુસ્તામી** (રહેમતુલ્લા અલયહ) ફરમાવે છે કે :-મેં તમે જુઓ કે એક માણસ કે જેને હવા પર પલાઠી વાળીને બેસવાની કરામત આપવામાં આવી છે તો તેના ફરેબમાં ન આવો ત્યાં સુધી કે તમે જોઇ ના લો કે અલ્લાહ તઆલા અમ્ર વ નહી તથા હદોના રક્ષણ તથા શરીઅતની અદાયગીમાં કેવો છે.

**હઝરત ફુઝૈલ બીન અયાઝ** (રહેમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે :- હિદાયતનો તરીકો ધારણ કરો, તેના પર ચાલનારા થોડા હોય તો પણ વાંધો નથી ગુમરાહીના રસ્તાથી બચો, તેના પર ચાલનારા અધિક હોય તો પણ લાભ કારક નથી.

**હઝરત સીરી સકતી** (રહેમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે :-

સુફી તે માણસ છે જે શરીઅતનો સાચો અને પાકો તાબેદાર હોય.

**હઝરત મઆરૂફ કરખી** (રહેમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે :-

મુખ્લિસ તે છે જે પોતાની નેકીઓને પણ એવી જ રીતે છુપાવે છે જેમ માણસ પોતાના ગુનાહોને છુપાવે છે.

**હઝરત ગૌષુલ આઝમ પીરાને પીર શૈખ અબ્દુલ કાદીર જીલાની** (રહેમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે :-

દરેક બાબતને પ્રથમ કુઆર્ન અને હદીષ વડે પારખો પછી જ સ્વીકારો.

તુટેલી કબ્રોમાં ઝાંખીને જુઓ કેવા સુંદર ચહેરાની માટી ખરાબ થઇ રહી છે.

ગુમનામીને પસંદ કર, કારણ કે તેમાં નામના કરતા વધુ શાંતિ છે.

તારા આમાલ તાર અકાઇદનું દર્પણ છે. અને તારૂ બાહ્ય તારા અંતરનું દર્પણ છે.

જો સબ્ર ન હોય તો તંગદસ્તી અને બિમારી એક અઝાબ છે.

અને સબ્ર હોય તો કરામત અને ઇઝઝત છે.

**હઝરત ખ્વાજા ઉસ્માન હારૂની** (રહેમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે :-

કોઇ મોમીનને ગાળ આપવી તે હઝરત મુસા (અલયહીસ્સલામ)ના મુકાબલામાં ફીરઔનની મદદ કરવા બરાબર છે.

દિકરીઓ ખુદાની ભેટ છે. જે વ્યકિત તેમને રાઝી રાખે છે ખુદા અને રસુલ તેનાથી રાઝી રહે છે.

**હઝરત ખ્વાઝા ગરીબનવાઝ મોઇનુદ્દીન ચિસ્તી** (રહેમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે :- મહોબ્બતમાં સાચો તે છે, કે જયારે દોસ્ત તરફથી બલા (આફત) આવે તો હસતા હસતા મોંએ સ્વીકાર કરે.

જે શખ્સના દિલમાં આલીમોની અને મશાયખ (પીરો) ની મેહોબ્બત હશે ખુદા તઆલા તેના નામાએ અમાલમાં હજાર વર્ષની ઇબાદતનો સવાબ લખશે.

દોઝખની આગથી બચવાનો ઇલાજ એ છે, કે ભુખ્યાને ખવડાવો, તરસ્યાને પાણી પાવ, જરૂરતમંદોની જરૂરત પુરી કરવી દર્દમંદોની મદદ કરવી.

દુનિયાની મહોબ્બત દરેક ગુનાહની જડ છે.

**હઝરત મુજદીદ્દે અલ્ફેસાની સરહીંદી** (રહેમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે :- ખુદાના દુશ્મનો સાથે મહોબ્બત રાખવી એ ખુદા સાથે દુશ્મની કરવા બરાબર છે.

બે અમલ આલીમ પારસમણી (પથ્થર) જેવા છે. જે બીજાને

સોનુ બનાવે છે. પણ પોતે તો પથ્થરના પથ્થર જ રહે છે.

આખેરતનું કામ આજે કર, દુનિયાનું કામ કાલ ઉપર છોડી દે.

અહેલુલ્લાહ (અલ્લાહવાળાઓ) થી કરામત ન શોધો તેમનું અસ્તીત્વ પોતે એક કરામત છે. (મખઝને અખ્લાક)

અલ્લાહ તઆલા સૌને નેક અમલ કરવાની તૌફીક આપે બહકકે તા હા વ યાસીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

# ઇન્શાની જીંદગીની હકીકત

**અમલ સે બનતી હૈ જીંદગી ભી જહન્નત ભી**
**યે ખાકી અપની ફિતરમેં, ન નૂરી હૈ ન નારી હૈ**

...ઇકબાલ

ગાફીલ ઇન્શાનો ગફલતથી સાવધાન થઇ જાઓ દુનિયાની જીંદગી અને રોનક ફકત ચંદ દિવસનીજ છે અને આખેરતની સફર નજીક છે ત્યાંની જરૂરી તૈયારી કરો પોતાના બુરા આમાલોની તૌબા કરો જરા વિચારો ઇન્સાનની જીંદગીનો વિસાત શું છે ? તેની મિસાલ એવી છે જાણે ઝાડનું માત્ર એક પાંદડુ કોણ જાણે ? કયારે તેજ હવા આંધી આવી જાય અને તેને ઉડાડીને લઇ જાય, આ છે, ઇન્શાનની જીંદગી. તો દુનિયામાં હયાત છો ત્યાં સુધી વિચારો અને સારા અમલવાળી અને આખેરતની ભલાઇવાળી જીંદગી બનાવો. આ આખરી દોર આવી ગયો છે. કયામતની નજદીકના હાલાત અલ્લાહના રસુલે તાજદારે મદીના સલ્લલાહો અલયહે વસલ્લમએ નિશાનીઓ આપી છે.

હજતુલ વિદાઅમાં આકાએ નામદાર સલ્લલાહો અલયહે વસલમ કાઅબતુલ્લાહના દરવાજાની કુંડી (સાકળ) પકડીને સહાબા રદી.અલ્લાહતઆલાઅનહો ને સંબોધીને ખુત્બો ફરમાવ્યો અય લોગો શું હું તમને કયામતની નજદીકની અલામતોની નિશાનીઓ બતાવું ? તેના ઉપર હઝરત સલમાન ફારસી રદી. તઆલા અનહો એ અરજ કરી અય આકા અમારા મા–બાપ આપ પર ફીદા ઇર્શાદ ફરમાવો આપ સલ્લલાહો અલયહે વસલ્લમે ફરમાવ્યુ

૧.નમાઝો કા જાએ (નષ્ટ કરના) (નમાઝ છોડવી)
૨. ઇન્શાન કો ખ્વાઇશ કી તરફ ઝુકના
૩. માલદારોકી તાઝીમ ઉન કે માલકે/ વજાહ સે કરના
૪. ઉસ વકત ઝકાત કો મીસ્લે તાઉન (દંડ) સમજા જાએગા
૫. માલે ગનીમત અપની દૌલત સમજી જાએગી
૬. જૂઠે આદમી હોકે સચ્ચા સમજા જાયેગા
૭. સચ્ચે કોઝૂઠા કહા જાએગા
૮. ખ્યાનત કરનેવાલે (વિશ્વાસઘાત) અમીન મશહુર સમજા જાયેગા
૯. અમીનો કો ખાઇન (વિશ્વાસઘાત) સમજેંગ)
૧૦. વો લોગ જીન્હે બોલના કા ઢંગ ન હોગા મૌલવી ખતીબ બન કે વાઇઝ કરેંગે.
૧૧. હકકે દશ હકકોમે નવ હકકો કા ઇન્કાર હોગા.
૧૨. ઇસ્લામકા સીર્ફ નામ રહ જાએગા
૧૩. કમ ઉમ્ર કે લોગ મીમ્બર પે ખુત્બે દેંગે.

૧૪. કામ કી બાત ઔરતો કે હાથ હોગી
૧૫. મા-બાપ કો ઇન્શાન ના ફરમાન બનેગે.
૧૬. મસ્જીદે ખૂબ બનાવ સીંગાર સે સજાઇ જાયેગી.
૧૭. નમાઝી યાં કી સફેતો જયાદા હોયગી મગર દીલ ખ્યાલ બીલકુલ અલગ હોગી
૧૮. ઇન્શાન કુર્આન શરીફ પઢેંગે મગર અમલ નહીં હોગા
૧૯. બદ ફઇલી ઝીનાકારી ફૈલ જાયેગી
૨૦. મુસલમાન વ્યાજ સુદખોરી મે મુબતલા હોગે.

કયામતની આગાહી બાબતે ''તફસીરિ નઇમી''ના સફા નં. ૪૪૯ પર વર્ણન કરવામાં આવેલ છે જે રંજુ છે
૧. રહેમતુલ્લીહ આલમીન સલ્લલાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે હું અને કયામત આ બે મળેલી (સાથોસાથ) આંગળીઓની જેમ (નઝદીક) છીએ એટલે કે હુઝુરના જમાના બાદ કયામત નજીકમાં છે.
૨. હુઝુર સલ્લલાહો અલયહે વસલ્લમ મે એક મજલીશમાં એક પછી એક કયામત સુધીના પ્રસંગોનું ક્રમિક વર્ણન કર્યુ (એટલેકે જે દિવસે આખરી બનાવ બનશે તે દિવસે કયામત આવશે.)
૩. હુઝુર સલ્લલાહો અલયહે વસલ્લમ મે કયામતનો દિવસ બતાવી દીધો છે કે જુમ્આ (શુક્રવાર)ના દિવસે કાયમ થશે. બલ્કે મશહુર છે કે હુઝુર અનવર સલ્લલાહો અલયહે વસલ્લમ કયામતનો મહીનો પણ બતાવી દીધો કે મોહર્રમ શરીફમાં આવશે. અને તારીખ પણ બતાવી દીધી કે

દશમી તારીખ એટલે કે (યવમે આશૂરા) આશૂરાના દિવસે કયામત થશે. બાકી રહેનાર અલ્લાહ વ રસૂલની જાત છે. કયા વર્ષે (હીજરી સન) ? તો તેનો ઇશારો પણ મૌઝુદ બતાવી દીધો છે.

૪. એક બુઝુર્ગ ફરમાવે છે કે બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ ને સબધિત અદદ જનાબ મેહદી અલૈહીસ્સલ્લામના ઝહુર (પ્રગટ) થવાની તારીખ છે અને મેહદી અલૈહીસ્સલામના જાહેર થવાના પાંચસો વર્ષ બાદ કયામત આવશે.

૬. ફરમાવે છે હુઝુર સલ્લલાહો અલયહે વસલ્લમ કે આગળની ઉમ્મતોના મુકાબલામાં મારી ઉમ્મતની મુદત એટલી છે કે જેટલો સમયગાળો અસરથી લઇને સૂર્યાસ્ત સુધીનો છે.

ફરમાવે છે હુઝરે અનવર સલ્લલાહો અલયહે વસલ્લમ કે દુનિયામાં માનવજાતનો (આદમથી લઇને કયામત સુધીનો) સમયગાળો (ઉંમર) સાત હજાર વર્ષ છે અને અમે વિતેલા પાચ હજાર વર્ષ પછીના સમયમાં પૈદા થયા.

હુઝુર સલ્લલાહો અલયહે વસલ્લમ કયામતની તારીખનો નિર્દેશ પણ કરી દીધો છે પરંતુ તેને સમજવા માટે ઇલ્મે બાતનીની જરૂર છે. ખેર.. અલ્લાહ તઆલાએ તેના પ્યારા રસુલ માલીકે કૌસરો તસનીમ સલ્લલાહો અલયહે વસલ્લમ ને ઉલુમે ગેબ તેમજ કયામતના ઇલ્મથી નવાજેલ પરંતુ હુઝુરે અમુક બાબતો પોસીદા (છુપી) રાખેલ છે. એટલે જાહેર કરવાથી મના ફરમાવેલ

તફસીરિ નઇમીના લેખક કહે છે કે હુઝુર અનવર સલ્લલાહો

અલયહે વસલ્લમ ને કયામતની નિશાની, આગાહી, એ રીતે તફસીલ - વિવરણ સાથે સ્પષ્ટ કરેલ છે કે હું કહી શકું છું કે ટુંકમાં કયામત આવશે નહીં કારણ કે ન તો દુનિયામાં દજ્જાલ આવ્યો છે. ન તો સૂરજ મગરીબમાંથી ઉગ્યો, ન તો યાજૂજ માજૂજ જાહેર થયા , ન તો ઇસા અલૈહીસ્સલામ દુનિયામાં તસરીફ લાવ્યા છે. પરંતુ કયામત હક છે. અને ચોકકસ આવશે.

તફસીરે નઇમાની પેઇઝ નં ૩૮૬ પર છે કે તફસીર રૂહુલ બયાનમાં એક જગ્યાએ ફરમાવ્યું છે કે કોઇ શખ્સ હઝરત અલી શેરે ખુદા રદીયલ્લાહો ત્આલા અન્હોને ઇમામ મેહદી અલૈહી સ્સલમના ઝુહુરની તારીખ બાબતે માહિતી પુછે તો હઝરત અલી રદીઅલ્લાહો ત્આલા અન્હોએ ફરમાવ્યું કે તેની પૈદાઇશની તારીખ 'બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ'ના સબંધિત 'અદદ'માં છે અને તેની પૈદાઇશના પાંચસો વર્ષ બાદ કયામત આવશે અર્થાત બસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ ના અદદ પરથી કયામત આવશે અદદ પરથી કયામતનો સમય મળે છે. પરંતુ તુરંત હ. અલી. તે વાતથી અટકી ગયા ચૂપ થઇ ગયા અને વાત છુપાવી લીધી.

હુઝુરે અનવર સલ્લલાહો અલયહે વસલ્લમ એક દિવસ સવારથી લઇને સાંજ સુધી વાએઝ ફરમાવ્યું જેમાં અજલ થી લઇને કયામતના દિવસ સુધી દરેક જર્રેહ થી લઇને દરેક કતહ સુધીની ચર્ચા કરી દીધી હઝરત આઇશા સિદ્દીકા રદીઅલ્લાહો ત્આલા અન્હો એ પુછયું કે આપના કોઇ ઉમ્મતીની નેકીઓ આકાશના તારલાઓની બરાબર છે ? હુઝુરે

અકદશ સલ્લલાહો અલયહે વસલ્લમ એ ફરમાવ્યું કે ઉમર ઇબ્ને ખતાબની, આ વાત પરથી સ્પષ્ટ થાય છે કે, માલીકે કૌસરોતસનીમ આસમાનના દરેક તારાથી ખબરદાર છે. અને રૂહે જમીન પર વસનારાના દરેક સામાલથી પણ પરિચીત છે. જાણકાર છે, અજવાજે પાક રદીઅલલાહો ત્આલા અન્હોએ પુછ્યુ કે હુઝર અમારામાંથી સૌથી પહેલા આપને કોણ મળશે. (કોની મુલાકાત થશે) હુઝુર સલ્લલાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે લાંબાહાથવાળી યાસીની ફાતેમા તુજજહોરા(રદી.) આ વાત પરથી સ્પષ્ટ થાય છે કે દરેક શૈના ફોત (મોત) નો સમય, મૌતની કૈફીયત અને આખેરતના મકામથી ખબરદાર છે.

આ વિષયના અનુસંધાને તકસીરે ઇબ્ને કસીરે હઝરત અબુઝર ગફફારી રદીઅલ્લાહો ત્આલા અન્હો થી નકલ ફરમાવ્યુ કે ફિઝામાં (હવામાં) જે પક્ષી ઉડવા માટે પર મારો પાંખ પ્રસરે છે તેનો પણ પૈયગમ્બરે આઝમે ઇલ્મ અમને શીખવી દીધુ હતું. એટલા માટેજ રૂહુલ મસાનીએ ફરમાવ્યુ કે કોઇજ સવાલ લા જવાબ રહેતો નથી દરેક ખુશકોતર ચીજ કુર્આને કરીમમાં છે.

હુઝુર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ ફરમાવ્યું કે નીચેના કૃત્યો લોકો કરવા માંડે ત્યારે અઝાબે ઇલાહી નાઝિલ થાય છે.

૧. જયારે માલ ગનીમતને લોકો પોતાની દોલત સમજવા લાગે

૨. જયારે અનામતને માલ ગનીમત સમજીને અંગત ઉપયોગમાં હજમ કરી લેવામાં આવે.
૩. જયારે ઝકાતને બિમારી સમજવામાં આવે.
૪. જયારે દીન માટે નહીં દુનિયા મેળવવા ઇલ્મ શીખવામાં આવે.
૫. જયારે પુરૂષો સ્ત્રીઓની ઇતાઅત શરૂ કરી દે.
૬. જયારે દીકરો પોતાની માની આજ્ઞાઓ માનવાનો ઇન્કાર કરે.
૭. જયારે દીકરો પોતાના મિત્રને વ્હાલો ગણે અને પોતાના બાપથી અળગો રહે.
૮. જયારે મસ્જિદોમાં જોરથી અવાઝો બુલંદ થવા માંડે.
૯. જયારે કૌમની સરદારી કૌમના ફાસીક માણસો કરવા માંડે
૧૦. જયારે કૌમના બદતરીન માણસો કૌમના લીડર બની જાય.
૧૧. જયારે કઇ માણસની ઇજ્જત એટલા માટે કરવામાં આવે કે તેના ફિત્નાથી રક્ષણ મળે.
૧૨. જયારે ગાનારી બાઇઓનો રિવાજ સામાન્ય થઇ જાય
૧૩. જયારે વાજા-ગાજા પણ સામાન્ય થઇ જાય.
૧૪. જયારે જાહેરમાં શરાબનો દોર શરૂ થઇ જાય (તિરમીઝી શરીફ)

# હુસૈની કમિટી (સુન્ની) મોરબી ને ઈમદાદ મોકલો

હુસૈની કમિટી (સુન્ની) મોરબી છેલ્લા ૨૫ વર્ષથી મઝહબે એહલે સુન્નત વલ જમાઅતની દીની કિતાબો સમગ્ર રાજ્યો તથા દેશ-વિદેશમાં પ્રકાશીત કરીને મજહબી જાણકારી અને એહલે સુન્નત વલ જમાઅતના સાચા અકીદાની ઓળખ આપવા માટે, સુન્નીઓના ઇમાનને મજબૂત બનાવી, દીન તરફ લાવવા માટે અથાગ પરિશ્રમ કરી રહેલ છે. સુન્ની મુસલામાનોના ઘરેઘરે હુસૈની કમિટી (સન્ની) મોરબી કિતાબો પહોંચતી કરી રહી છે. ત્યારે આ કાર્યને વધુમાં વધુ મજબુત બનાવવા માટે કૌમના સખીદાતાઆને નમ્ર અપીલ કરીએ છીએ.

અસંખ્ય પુસ્તકો ઉર્દુમાં લખાયેલ છે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરી ઉર્દુ ન જાણતા લોકો સુધી આ સાહિત્ય ગુજરાતી અને તેપણ વિના મુલ્યે રજુ કરવાનો અમારો નમ્ર પ્રયાસ ચાલુ છે. ત્યારે આ કાર્ય માટે મોટા ખર્ચની આવશ્યકતા રહે તો અમારી આ જરૂરીયાતને પુરી કરવા આપની નેક કમાઇ માંથી ઝકાત, સદકા, લિલ્લાહ વિગેરે પ્રકારની ઇમદાદ આ કમિટીને મોકલી આપી સવાબના હકદાર થશોજી.

વ્યવસ્થાપક :

મહેબુબ કે. પીલુડીયા

**હુસૈની કમિટી (સુન્ની)**

૮, લાતી પ્લોટ સામે, મોરબી - ૩૬૩૬૪૧

ફોન : ૩૩૨૧૪

ટ્રસ્ટ રજી. નં. ૯૭૬ બ.કા. ૧૯-૧૧-૯૯ સોસાયટી રજી. નં. ગુજ-૯૯૦ બ.કા.




## મદદની અપીલ

જીલાની એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત દારૂલ ઉલુમ -જામિઆ ગરીબ નવાઝ કાણોદરની સ્થાપના કરવામાં આવેલ છે. આ દારૂલ ઉલુમમાં ૬૦ બાળકો દીની તાલીમ હાફીઝ, કારી,આલીમની ડીગ્રી મેળવવા માટે લઈ રહેલ છે. આ દારૂલ ઉલુમ - જામિઆ ગરીબ નવાઝને રમઝાન માસમાં આપની ઝકાત, સદકા, લિલ્લાહ, ફિતરા,નઝરોન્યાજ વિગેરે પ્રકારની ઈમદાદ મોકલી આપી ઈલ્મે દીનના આ કાર્યમાં મદદરૂપ થવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

મદદ મોકલવાનું સરનામું :

**સૈયદ અસગરઅલી કાદરી**

(ભાઈજાન ડીસાવાલા) ફોન : ૪૧૮૨૭

પ્રમુખ,

દારૂલ ઉલુમ - જામિઆ ગરીબ નવાઝ

મુ. પો. કાણોદર. તા. પાલનપુર જી. બનાસકાંઠા

તમામ ઉમ્મતે મોહંમદીના ઈસાલે સવાબ અર્થે આ કિતાબ ફ્રી તકસીમ કરવામાં આવેલ છે. અલ્લાહ પાક તેના પ્યારા રસુલ તાજદારે મદીના મોહંમદે મુસ્તુફા સલ્લલાહો અલયહે વસ્સલમના સદકામાં તમામ મરહુમોને જન્નતતૂલ ફિરદોષમાં અલા મકામ અતા ફરમાવે આમીન....

- મહેબુબ કે. પીલુડીયા વ્યવસ્થાપક, હુસેની કમિટી (સુન્ની) મોરબી.